Tuesday
02.09.2025
*Volume :10 * Issue No.53
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં ડાયલ ૧૧૨ હેઠળ જનરક્ષક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું



ડાયલ ૧૧૨ એ આંતરિક સુરક્ષા, નાગરિક અધિકારોના રક્ષણ, કાયદો અને વ્યવસ્થા અને ઝડપી સુવિધાઓ માટે મોદીજીની દૂરંદેશી પહેલ છે

## મોદીજીએ છેલ્લા ૧૧ વર્ષમાં આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિને વાસ્તવિકતામાં લાગુ કરવા માટે કામ કર્યું છે



## મોદીજીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સરહદોને અભેદ્ય બનાવી







## ઓપરેશન સિંદૂર સાથે, ભારત પોતાના નાગરિકો અને સરહદોની સુરક્ષા પ્રત્યેની સંપૂર્ણ પ્રતિબદ્ધતાનો વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે









## ગુજરાતે સરહદ અને આંતરિક સુરક્ષાને મજબૂત બનાવીને આતંકવાદ, માદક દ્રવ્યો અને સાયબર ગુના પર અસરકારક રીતે કાબુ મેળવ્યો છે

કમલમ્

કેન્દ્રીય ગૃહઅને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં ડાયલ ૧૧૨ હેઠળ જનરક્ષકપ્રોજેક્ટ્સનુંઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત અનેક મહાનુભાવોઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના ગૃહ વિભાગે '૧૧૨ જનરક્ષક' પ્રોજેક્ટના રૂપમાંગુજરાતની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે એક ઐતિહાસિકપગલું ભર્યું છે. તેમણે કહ્યુંકે '૧૧૨જનરક્ષક' પ્રોજેક્ટના ઉદ્ઘાટન સાથે, ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશન દ્વારા ૨૧૭ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત મકાનો અને ઓફિસો અને કુલ ૧૦૦૦ પોલીસ વાહનોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી શાહે કહ્યું કે માણસા પોલીસ સ્ટેશનનું BIS પ્રમાણપત્રતેમના માટે ખાસમહત્વનું છે. તેમણે કહ્યું કે તેઓ માણસામાં જન્મ્યા અને ઉછર્યા અને ત્યાંથી તેઓ ગુજરાત અને દેશનારાજકારણમાંયોગદાન આપવા સક્ષમ બન્યા, તેથી તેમના માટે ખૂબ જ આનંદની વાત છે કે માણસા પોલીસ સ્ટેશનને BIS પ્રમાણપત્ર મળ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે '૧૧૨' પ્રોજેક્ટ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા, નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા, કાયદો અને વ્યવસ્થા જાળવવા અને કોઈપણ કટોકટીમાં સમયસર દરેક પ્રકારની સુવિધા પૂરી પાડવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની એક દૂરંદેશી પહેલછે. શ્રીશાહે ખુશીવ્યક્ત કરી કે આજે ગુજરાત 'ડાયલ ૧૧૨ જનરક્ષક'ના નકશામાં પોતાનું સ્થાન નોંધાવી રહ્યું છે. તેમણે કહ્યું કે અત્યાર સુધી પોલીસમાટે ૧૦૦, એમ્બ્યુલન્સ માટે ૧૦૮, ફાયર સર્વિસ માટે ૧૦૧, મહિલા હેલ્પલાઈન માટે ૧૮૧, ચાઈલ્ડ હેલ્પલાઈન માટે ૧૦૯૮, આપત્તિ માટે ૧૦૭૦ અને ૧૦૭૭ જેવા વિવિધ ટોલ-ફ્રી નંબરોનો ભુલભુલામણીલોકોને મૂંઝવણમાં મૂકતો હતો. પરંતુ હવે લોકો ફક્ત એક જ નંબર, ૧૧૨ ડાયલ કરીને ખૂબ જ ઓછા સમયમાં આપત્તિ વ્યવસ્થાપન, બાળ હેલ્પલાઈન, મહિલા હેલ્પલાઈન, ફાયર સર્વિસ, એમ્બ્યુલન્સ અને પોલીસ સહાય જેવી કોઈપણ પ્રકારની સુરક્ષા સંબંધિત સેવા મેળવી શકશે. શ્રી અમિત શાહેજણાવ્યું હતુંકે તમામ પ્રકારની સેવાઓનું સંકલન અત્યાધુનિક સોફ્ટવેર દ્વારા સંચાલિત અત્યંત અદ્યતન કંટ્રોલ રૂમ દ્વારા કરવામાં આવશે અને રેજીથી સજ્જ વાહનો વૈજ્ઞાનિક સિસ્ટમ હેઠળ કાર્ય કરશે. તેમણે કહ્યું કે આ વાહનો, જેમાં ૧૦૮ એમ્બ્યુલન્સનો મોટોકાફલો શામેલ છે, ફોન કરનાર વ્યક્તિનું સ્થાન શોધીકાઢશે અનેનજીકના પોલીસ, એમ્બ્યુલન્સ અથવા ફાયર બ્રિગેડ વાહનને માહિતી મોકલવાની વ્યવસ્થાકરશે. શ્રીશાહે કહ્યુંકે આ ગુજરાતસરકાર દ્વારાનવા યુગની સ્માર્ટ પોલીસિંગ સિસ્ટમ તરફ લેવામાં આવેલ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રોજેક્ટ રાજ્ય ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા ચલાવવામાં આવશે, જે અમદાવાદમાં કેન્દ્રીય સંચાલન હેઠળ ૨૪ કલાક કાર્યરત રહેશે. ૧૫૦બેઠકોની ક્ષમતાધરાવતું આ કોલ સેન્ટર દર સેકન્ડેસતર્ક રહેશે અને એકીકૃત સિસ્ટમ દ્વારા તમામ પ્રકારની સેવાઓ સાથે જોડાયેલ રહેશે. તેમણેજણાવ્યું હતુંકે ડાયલ ૧૧૨ જનરક્ષક પીસીઆર વાનના કાફલા, જેમાં કુલ ૧૦૦૦ વાહનોનો સમાવેશ થાય છે, આજથીજ જનતાનીસેવામાંતૈનાત કરવામાં આવશે. ગુજરાત સરકાર ૧૧૨ પ્રોજેક્ટના સંચાલન માટે વાર્ષિક ૯૨ કરોડ રૂપિયા ખર્ચ કરશે. આવાહનોમાં લાઈટ બાર, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, એમડીટી વાયરલેસસેટ, લોકેશન ટ્રેકર જેવી તમામ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. આ સાથે, પ્રશિક્ષિત સ્ટાફની વ્યવસ્થા પણ અસરકારક રીતે કરવામાંઆવીછે. તેમણે કહ્યુંકે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશભરની પોલીસમાટે જે સ્માર્ટ પોલીસિંગની હાકલ કરી હતી, તેને આધુનિક ટેકનોલોજીથી સજ્જકરીને ગુજરાતસરકારે ઉત્તમ કાર્ય કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ હાઉસિંગ બોર્ડે પોલીસ, હોમગાર્ડ અને જેલ સ્ટાફના કામ અને રહેઠાણ માટે ૨૧૭કરોડ રૂપિયાના ખર્ચેવિવિધ પ્રોજેક્ટ્સનુંનિર્માણ કર્યું છે. તેમણે કહ્યું કે આગામી દિવસોમાં, આ ઈમારતોમાં ઉપલબ્ધ વધુ સારી સુવિધાઓ સાથે, પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડજવાનો અને જેલ સ્ટાફ ગુજરાતના લોકોની વધુ અસરકારક રીતે સેવા કરી શકશે. શ્રી અમિત શાહે કહ્યું કે ગુજરાત દેશના સૌથી સંવેદનશીલ સરહદી રાજ્યોમાંનું એક છે. દેશની ઉત્તરીય સરહદથી ગુજરાત સુધીનો સમગ્ર સરહદી વિસ્તાર ઘણી રીતે સંવેદનશીલ છે. ગુજરાતનો દરિયા કિનારો હોય, કચ્છનીસરહદ હોય કે બનાસકાંઠાની સરહદ હોય, આ બધા વિસ્તારોમાં સુરક્ષાનું વિશેષ મહત્વ છે.

તેમણે કહ્યુંકે વિરોધ પક્ષના શાસન દરમિયાન, દેશની સુરક્ષા પર પ્રશ્ન ઉઠાવતી ઘણી ઘટનાઓ ગુજરાતની સરહદો દ્વારા બની હતી. પરંતુ તેમનો પક્ષ સત્તામાં આવ્યો ત્યારથી અને ખાસકરીનેશ્રી નરેન્દ્ર મોદીજી મુખ્ય મંત્રીબન્યા ત્યારથી, ગુજરાત સરકારેરાજ્યની સરહદોને દુશ્મનો માટે અભેદ્ય બનાવવાનું કામ કર્યું છે. ગૃહમંત્રીએ કહ્યુંકે જો સુશાસનથી પ્રેરિત નેતૃત્વ શાસનની બાગડોર સંભાળે તો કેટલો પરિવર્તન શક્ય છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાત છે. તેમણે કહ્યું કે આજે ગુજરાતે માત્ર સરહદી સુરક્ષા અને આંતરિક સુરક્ષાને મજબૂત બનાવી નથી, પરંતુ આતંકવાદ, માદકદ્રવ્યો, સાયબર ક્રાઈમ જેવા વિવિધ ગુનાઓને પણ અસરકારક રીતે કાબુમાંલીધા છે. શ્રી શાહે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદીજીએ જે માર્ગ મોકળો કર્યો છે તેને વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આગળ ધપાવ્યો છે. તેમણે કહ્યું કે આપણી સરકારોએ ગુજરાતને દેશનું સૌથી સુરક્ષિત રાજ્ય બનાવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. શ્રીઅમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ૧૧ વર્ષના કાર્યકાળ દરમિયાન, ફક્ત ભારતમાંજ નહીંપરંતુસમગ્ર વિશ્વમાંએ સ્થાપિતથયું છે કે દેશની બાહ્ય અને આંતરિક સુરક્ષા માટે ભારતની સેના અને સરહદો સાથે છેડછાડ કરી શકાતી નથી. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે વિપક્ષી પાર્ટીના શાસન દરમિયાન ઘણા વર્ષો સુધી દેશના વિવિધ ભાગોમાં બોમ્બ વિસ્ફોટ થતા હતા અને કેન્દ્ર સરકાર તરફથી કોઈ નક્કર પ્રતિભાવ મળતો ન હતો. રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવેલી કેટલીક કાર્યવાહી સિવાય કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરંતુ મોદીજી પ્રધાનમંત્રી બન્યાપછી, જ્યારેપાકિસ્તાને ઉરી, પુલવામાઅને પહેલગામજેવા ત્રણ મોટા હુમલાઓને અંજામ આપવાની ભૂલ કરી, ત્યારે મોદી સરકારે દર વખતે પાકિસ્તાનને યોગ્ય પાઠભણાવ્યો છે. તેમણે કહ્યું કે પહેલીવાર સર્જિકલસ્ટ્રાઈક હતી, બીજી વારહવાઈ હુમલોહતો અને જ્યારે હજુ પણ કોઈ સુધારો થયો ન હતો, ત્યારે ત્રીજી વાર 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં નહીં, પરંતુ પાકિસ્તાનની સરહદમાં ૧૦૦ કિલોમીટર અંદર આતંકવાદીઓના મુખ્ય મથકનો નાશ કરવામાંઆવ્યો છે. શ્રી શાહે કહ્યું કે ભારતે સમગ્ર વિશ્વમાં એક મજબૂતસંદેશ આપ્યોછે કે તે તેના સ્વરક્ષણ અને તેના નાગરિકો અને સરહદોનીસુરક્ષામાટે કોઈપણ હદ સુધી જવામાટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે 'ઓપરેશન સિંદૂર' એ આતંકવાદી ઘટનાઓના માસ્ટરમાઈન્ડ્સને પાઠ ભણાવ્યો, અને પહેલગામ હુમલો કરનારા ત્રણેય પાકિસ્તાની આતંકવાદીઓને 'ઓપરેશન મહાદેવ' દ્વારા ખતમ કરવામાંઆવ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે દેશના પ્રધાનમંત્રીઅને ગુજરાતના ગૌરવશાળી પુત્ર શ્રી નરેન્દ્ર મોદીજીએ છેલ્લા ૧૧ વર્ષમાં માત્ર સિદ્ધાંતમાં જ નહીં પરંતુ વાસ્તવિકતામાં પણ 'આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા' ની નીતિ લાગુ કરીછે. તેમણે કહ્યું કેભલે તે દેશનો ઉત્તર-પૂર્વીય ક્ષેત્ર હોય, નકસલ પ્રભાવિતવિસ્તારો હોય કે કાશ્મીર, મોદી સરકારે આ ત્રણેય હોટસ્પોટમાં આતંકવાદીઓ અને સશસ્ત્ર જૂથોને પાઠ ભણાવ્યો છે. ઉત્તર-પૂર્વમાં ૧૦,૦૦૦ થી વધુ આતંકવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. તેમણે ફરીએકવાર વિશ્વાસ વ્યક્ત કર્યો કે મોદી સરકાર ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નકસલવાદને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે કટિબદ્ધ છે. ડાયલ ૧૧૨ હેઠળજનરક્ષકપ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન સમારોહ પહેલાં, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાંભાગ લીધોહતો. તેમણે ગોતા અને ચાંદલોડિયા વોર્ડમાં શહેરીઆરોગ્ય કેન્દ્રનુંઉદ્ઘાટન કર્યું અને રાણીપ, સ્ટેડિયમ અને ઘાટલોડિયા વોર્ડમાંવૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત, કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદ શહેરના કુળદેવી શ્રી ભદ્રકાળી માતાજીના પ્રાચીન મંદિરની મુલાકાતલીધી અને પૂજા કરીઅને ટોરેન્ટગ્રુપ-દ્વારા ફાઉન્ડેશન દ્વારા પુનઃવિકસિત 'સરદાર બાગ'નું ઉદ્ઘાટન કર્યું હતું.



મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે 'એક નંબર, અનેક સેવાનો' ડાયલ-૧૧૨નો જનરક્ષક પ્રોજેક્ટ રાજ્યમાં નાગરિકસુરક્ષામાટેસલામતી માટેનું સરકારનુંવિઝનરી પગલું ગણાવ્યું હતું. તેમણે કહ્યુંકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાંરક્ષા શક્તિને વધુ સંગીન બનાવીને ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ રાજ્યના પોલીસ દળમાં થઈ રહ્યો છે આ સમારોહ પણ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકોની સેવા અને સુરક્ષાના ધ્યેયને સાકાર કરતો કાર્યક્રમ છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ રાજ્ય પોલીસદળનું મનોબળ વધારવા સાથે આતંકવાદ, ગુનાખોરી અને અસામાજિક તત્વો વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે, એટલું જ નહીં પોલીસ પ્રશિક્ષણની આખી તાસીર બદલી નાખીને નવા પડકારોને પહોંચી વળવા પોલીસદળને આધુનિકતા સાથે સ્માર્ટ પોલીસીંગ માટે વધુને વધુસજ્જ અને સક્ષમબનાવ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, આપણાપોલીસ જવાનો ઈન્ટેલિજન્સ, સર્વેલન્સ અને કન્વિકશન માટે સમયાનુસાર બદલાવ લાવીને સ્ટ્રીટ સ્પેસથી લઈને સાયબર સ્પેસ સુધી ગુનાખોરી ડામવા માટે કેપેબલ થયા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસના ટેકનોસેવી જવાનો સ્વદેશી ટેકનોલોજી વિકસાવીને સ્માર્ટ, સેઈફ અને સિક્યોર ગુજરાતથીવિકસિતભારત માટે વિકસિત ગુજરાતબનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજના દિવસને ગુજરાતની સલામતી અને સુરક્ષાની દિશામાંએક ઐતિહાસિક દિવસગણાવીને કહ્યું હતું કે, આજથી હવેરાજ્યના નાગરિકોએ પોલીસમાટે ૧૦૦, એમ્બ્યુલન્સ માટે ૧૦૮, ફાયર માટે ૧૦૧, મહિલાહેલ્પલાઈન અભયમમાટે ૧૮૧, ચાઈલ્ડ હેલ્પલાઈન માટે ૧૦૯૮ અનેડિઝાસ્ટર હેલ્પલાઈન માટે ૧૦૭૦/૧૦૭૭ એમ અલગ અલગ ઈમર્જન્સી હેલ્પલાઈન નંબર યાદ રાખવા નહીં પડે. આ તમામ ઈમર્જન્સી સેવાના નંબરને બદલે હવે તમારે માત્ર એક જ નંબર ૧૧૨ ડાયલ કરવાનો રહેશે. નાગરિકોને તેમની ઈમર્જન્સી મુજબ ત્વરિત મદદ માટેની જરૂરી ટીમ મોકલવાનું કાર્ય ૧૧૨ હેલ્પલાઈનથી થશે. તમામ ઈમરજન્સી સેવાઓના સંકલિત નંબર તરીકે ૧૧૨ના લોન્ચિંગથી ગુજરાતમાં ઈમરજન્સી સેવાઓ વધુ સુદ્રઢ અને અસરકારક બનશે. મંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું કે, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં પુણે ખાતે છ મહિના પહેલા યોજાયેલીવેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં તેમણે વિવિધ રાજ્યોને આપ્રકારની ઈમરજન્સી સેવાઓના ઈન્ટિગ્રેશન તેમજ પોલીસ રિસ્પોન્સ ટાઈમ ઘટાડવા સહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી લૉ એન્ડ ઓર્ડરને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા ખુબ બારીકાઈથી માર્ગદર્શન આપ્યું હતું. તેમના આસૂચનને અનુસરીને, ગુજરાત સરકારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજીયુક્ત ફર્સ્ટ રિસ્પોન્સ વ્હિકલ વધારવાની સાથે સાથે માત્ર છ મહિનામાં તમામ ઈમરજન્સી સેવાઓને એક છત હેઠળ લાવવાનું આ ભગીરથકાર્ય આજે પાર પાડ્યું છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો ગ્રામીણ વિસ્તારમાં સારી સપાટીવાળા બારમાસી માર્ગો - ઓલવેધર રોડની સુવિધા આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય

**રાજ્યના તમામ જિલ્લાઓમાં પંચાયત હસ્તકના પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોને સુદ્રઢ રોડ-કનેક્ટિવિટી દ્વારા સારી સપાટીવાળા અને બારમાસી રસ્તા- ઓલવેધર રોડની સુવિધા મળી રહે તેવો જનહિતલક્ષી અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજ્યના તમામ જિલ્લાઓના પંચાયત હેઠળના જરૂરિયાતવાળા પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ માતબર રકમમાંથી જે માર્ગોના રિસરફેસિંગ સહિતના કામો થવાના છે, તેમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૧૬૦૯ કિલોમીટરના ૪૮૭ માર્ગો, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ૧૫૨૮ કિલોમીટર લંબાઈના ૪૯૯ માર્ગો અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૦૫૯ કિલોમીટરના ૨૭૨ ગ્રામીણ માર્ગોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ જનપ્રતિનિધિઓ અને ગ્રામીણ નાગરિકો, અગ્રણીઓ દ્વારા બારમાસી રસ્તાની સુવિધા માટે કરવામાં આવતી રજૂઆતોનો ત્વરિત અને સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૪૧૯૬ કિલોમીટર લંબાઈના ૧૨૫૮ માર્ગોની મરામત તથા રિસરફેસિંગ કામો માટે આ નાણાંની ફાળવણી કરી છે. આ માર્ગોનું રિસરફેસિંગ અને અન્ય અનુષંગિક કામગીરી પૂર્ણ થતાં ગ્રામીણ વિસ્તારોનું રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંગીન થવાથી કનેક્ટિવિટી વધશે અને નાના ગામોમાં પણ આંતરિક તેમજ શહેરો સાથેના વાહન યાતાયાતમાં વધુ સરળતા મળશે.



# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે શિરતપ્રિય આચાર્ય શ્રી મહાશ્રમણજીના આશિષ મેળવ્યા

**શ્રી અમિત શાહે આચાર્યશ્રીને પ્રણામ કરી આશીર્વાદ મેળવ્યા બાદ વિવિધ વિષયો પર ચર્ચા કરી**



**ગૃહમંત્રીશ્રીએ આચાર્યશ્રી દ્વારા કરવામાં આવતી માનવ સમાજની આધ્યાત્મિક સેવા અને તેરાપંથ સમાજ દ્વારા કરવામાં આવતા વિવિધ સામાજિક ઉત્થાન કાર્યોની પણ પ્રશંસા કરી**

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ ગુજરાતના પાટનગર ગાંધીનગરના કોબા સ્થિત પ્રેક્ષા વિશ્વ ભારતી ખાતે વર્ષ ૨૦૨૫ ના ચાતુર્માસનું પાલન કરી રહેલા જૈન શ્વેતાંબર તેરાપંથી ધર્મ સંઘના અગિયારમા શિષ્ય યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણજીની શુભ ઉપસ્થિતિમાંઆશીર્વાદ મેળવવાપહોંચ્યા હતા. મુલાકાત અંતર્ગત શ્રી શાહે આચાર્યશ્રીના નિવાસસ્થાને પહોંચી અને આચાર્યશ્રીને વંદન કરી શુભ આશીર્વાદ મેળવ્યા હતા આચાર્યશ્રીએ ગૃહમંત્રીસાથે ટૂંકીવાતચીત પણ કરી હતી. જેમાં આચાર્યશ્રીએ જૈન આગમ, સાધુચાર્ય, અહિંસા યાત્રા અને તેના ત્રણ સૂત્રો - સદ્ભાવના, નૈતિકતા અને વ્યસન મુક્તિ વિશે પણ માહિતી આપી.ગૃહમંત્રીશ્રીએ આચાર્યશ્રી દ્વારા કરવામાં આવતી માનવ સમાજની આધ્યાત્મિક સેવા અને તેરાપંથ સમાજ દ્વારા કરવામાં આવતા વિવિધ સામાજિક ઉત્થાન કાર્યોની પણ પ્રશંસા કરી હતી. આ મુલાકાત અંતર્ગત તેમણે પ્રાકૃત ભાષાને ભારતની શાસ્ત્રીય ભાષા તરીકે પસંદ કરવામાં આવી હોવાનો અહેવાલ રજૂ કર્યો અને તેરાપંથ ધર્મ સંઘ દ્વારા કરવામાં આવતા આગમ કાર્યને એક મહાન કાર્ય પણ ગણાવ્યું હતું. આ દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી સાથે કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ કે દવે સહિત જિલ્લા વહીવટી તંત્રના વિવિધ અધિકારીઓ અને જૈન સમુદાયના અનુયાયીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# માણસા વિધાનસભાના લોકલાડીલા, પ્રજાવત્સલ અને પરગજુધારાસભ્ય શ્રી જે.એસ. પટેલ ના યજમાનપદે કેળવણીની કેડીએ વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું















કમલમ્,

તારીખ ૩૦/૦૮/૨૦૨૫ ને શનિવારના રોજ માણસા તાલુકા કક્ષાએ રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વિભૂષિત ભારતીય સંસ્કૃતિમાંગુરુવંદન અને ગુરુજનોના કર્તવ્ય ભાવનું અનેરૂ મહત્વ રહેલું છે.માણસા તાલુકાના સર્વેગુરુજનો પ્રત્યેઅહોભાવપ્રગટ કરવાના શુભ આશયથી માણસા વિધાનસભાના લોકલાડીલા, પ્રજાવત્સલ અને પરગજુધારાસભ્ય માનનીયશ્રીજે એસ પટેલ સાહેબના યજમાનપદે કેળવણીની કેડીએ વિચારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની વિચારધારા અને કાર્ય પદ્ધતિ અનુસાર ત્રણ સેશનમાં કરવામાં આવ્યું જેમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડિંડોર સાહેબ, વ્યક્તિ વિશેષ એવાં માણસા તાલુકાના પનોતા પુત્ર, મૂલ્યવાન રત્ન અને પદ્મશ્રી રઘુવીરભાઈ ચૌધરી સાહેબ, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સામાજિક સદભાવના વિભાગ સંયોજક માનનીયશ્રી ભાનુભાઈ પંચાલ સાહેબ, મુખ્ય અતિથિ પદે માનનીય અનિલભાઈ પટેલ સાહેબ, અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લો, માનનીય રમેશસિંહ રાઠોડ, પ્રમુખશ્રી માણસા તાલુકા ભાજપ, માનનીય શિલ્પાબેન પટેલ, પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા પંચાયત, માનનીય પ્રિયંકાબેન પટેલપ્રમુખશ્રી માણસા તાલુકા પંચાયત, માનનીય અમિતભાઈ ચૌધરી સાહેબ, પૂર્વ ધારાસભ્યશ્રી માણસા, માનનીય ડો.ભગવાનભાઈપ્રજાપતિ સાહેબ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ગાંધીનગર, માનનીય ડો.પિયુષભાઈ પટેલ સાહેબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર, માનનીય ડો. હિતેશભાઈ દવે સાહેબ, પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગાંધીનગર, માનનીય નિમિષાબેન દવે, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી માણસા ટીપીઈઓ કલોલ, અને દહેગામ તથામાણસા ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓઅને શનિવારનો દિવસ હોવાથીસવારે શાળા સમય બાદ આ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં તાલુકાના સૌ ૬૫૦ જેટલા શિક્ષક ભાઈ બહેનઉપસ્થિત રહ્યાંહતાં. આકાર્યક્રમ ત્રણ સત્રમાં યોજાયો હતો. ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બીટ કેળવણી નિરીક્ષકશ્રી બી.આર.સી કો.ઓ શ્રી,અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, પ્રાથમિકશિક્ષક સંઘ અને માણસા તાલુકા શિક્ષક શરાફી મંડળી , સર્વે પગાર કેન્દ્ર આચાર્યશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. માણસાતાલુકાના પૂર્વ શિક્ષક અને હાલમાંમુખ્યમંત્રી કાર્યાલયમાં જોઈન્ટ ડાયરેક્ટર એવા માનનીય શ્રી વિવેકભાઈ ત્રિવેદી સાહેબ અને મદદનીશ શિક્ષણ નિયામક - (ભરતી) માનનીય શ્રી પ્રકાશભાઈ પટેલ સાહેબનું પણ ધારાસભ્યશ્રી અને શિક્ષણમંત્રીશ્રી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતું.કાર્યક્રમની શુભ શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથીકરવામાં આવી.ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શબ્દગુચ્છથી? સ્વાગત માણસા તાલુકાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નિમિષાબેન દવેદ્વારા કરવામાં આવ્યું.

**પ્રથમ સત્ર**

પ્રથમ સત્ર નામુખ્ય વક્તા માનનીય શ્રી ભાનુભાઈપંચાલ સાહેબ પંચ પરિવર્તન વિષય પર ખૂબ જ રોચક વક્તવ્ય રજૂ કર્યું હતું તેમના મુખ્ય મુદ્દાઓમાં ૧) કુટુંબ પ્રબોધન ૨) સામાજિક સમરસતા ૩) પર્યાવરણ સંરક્ષણ ૪) સ્વ જાગરણ ૫) નાગરિક કર્તવ્ય આપાંચ વિષય પર દ્રષ્ટાંત સાથે ખૂબ રસપ્રદ માહિતી આપી હતી સાથે સાથે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘદ્વારા આગામી ૧ સપ્ટેમ્બર ના રોજ આયોજિત અમારી શાળા અમારું સ્વાભિમાન કાર્યક્રમના પણ વખાણ કર્યાહતા તેઓએ શાળાઓથકી નાગરિકઘડતર અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે વિદ્યાર્થીઓ મૂલ્યલક્ષીશિક્ષણ મેળવીતૈયાર થાય તે માટે હાકલ કરી હતી.

**દ્વિતીય સત્ર**

દ્વિતીય સત્રની શરૂઆતમાં ગાંધીનગરજિલ્લા ભાજપઅધ્યક્ષ માનનીય શ્રી અનિલભાઈપટેલ સાહેબદ્વારા કર્તવ્યની કેડીએ વિચારગોષ્ઠી કાર્યક્રમના આયોજન બદલ માનનીય ધારાસભ્યશ્રીને અભિનંદન પાઠવ્યા હતા સાથે સાથે ઉપસ્થિત સર્વ શિક્ષકોનોપણ આભારમાન્યો હતો, શિક્ષકો દ્વારા શાળામાં બાળકોને દેશપ્રેમ મૂલ્ય શિક્ષણ, રાષ્ટ્ર પ્રથમનો ભાવ વિકસિત થાય તેપ્રકારે શિક્ષિત કરવા પર તેઓ શ્રીએ ભાર મૂક્યો હતો. બાદમાં દ્વિતીય સત્રના મુખ્ય વક્તા ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ હતાં. તેમણે શ્રીમદ ભગવદ ગીતાદ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ વિષય પર ખૂબ જ ગહન ચર્ચા કરી હતી તેઓશ્રીએ જણાવ્યું કે ભગવદ ગીતા એ જીવનના દરેક તબક્કે પ્રેરણાઅને જ્ઞાન પૂરું પાડતો ગ્રંથછે અભ્યાસક્રમમાં ભગવદ ગીતાનો સમાવેશ એ ભાવિ પેઢીને તૈયાર કરવા માટે અને તેમનામાં રાષ્ટ્રપ્રેમ વિકસાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત એકમહત્વનું પગલુંમાનવામાંઆવે છે. ત્યારબાદ માનનીય પદ્મશ્રીરઘુવીર ભાઈ ચૌધરી સાહેબ દ્વારા ભગવદ ગીતાના તેમને પ્રિયશ્લોક વિશેવાત કરી. મહાત્મા ગાંધીજીને પણ ભગવદ ગીતા ખૂબ જ પ્રિય હતી અને તેનો નિત્યપાઠ કરતાતે જ રીતેશાળાઓમાં પણ પ્રાર્થના કાર્યક્રમમાં રોજેરોજ એક ભગવદ્ ગીતાના શ્લોકોનું વાંચન કરાવવામાં આવે તેવી તેમણે ઉપસ્થિત સૌ શિક્ષકોને હાકલ કરી હતી

**તૃતીય સત્ર**

તૃતીય સત્ર ની શરૂઆત માં ગાંધીનગર જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી માનનીય ડો. પિયુષભાઈ પટેલ દ્વારા મૂલ્યલક્ષી શિક્ષણ વિશે સૌ શિક્ષકોને ગહન વાત મૂકવામાં આવી. તેઓશ્રીએ જણાવ્યું કે ભગવદ ગીતા અભ્યાસક્રમમાં તો સામેલ કરવામાં આવી છે પરંતુ તે પાઠ્યક્રમમાં પણ સામેલ થાય અને શાળામાં અભ્યાસ કરતા દરેક બાળકોના પરિવાર સુધી એ પહોંચે એની જવાબદારી સૌ શિક્ષકોના શિરે છે, અંતમાં માણસા વિધાનસભા મત વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય માનનીયશ્રી જે એસ પટેલ સાહેબદ્વારા તાજેતરની દેશ દુનિયાની પરિસ્થિતિ દેશનું યુવાધન મોબાઈલ અને વ્યસનમાં મસ્તબની રહ્યું છે દિન પ્રતિદિન મૂલ્યોનું અધઃપતન થઈ રહ્યું છે આપણી સનાતન સંસ્કૃતિના મૂલ્યો એવા માતૃદેવો ભવઃ,પિતૃદેવો ભવઃ ગુરુ દેવો ભવઃનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે આજની યુવા પેઢીમાં ઉત્તમ સંસ્કાર સિંચનની તાતી જરૂરિયાત જણાઈ રહી છે જેના માટે સમગ્ર દેશ ,સરકાર ,સમાજ સર્વેચાણક્યના વંશજ અને ભારતના ભાવિના ઘડવૈયા એવા આપ સૌ શિક્ષક ભાઈબહેન તરફ મીટ માંડીને બેઠા છે માનનીય સાહેબ શ્રી દ્વારા શિક્ષકોને બાળકોમાં શિક્ષણની સાથે સાથે સંસ્કાર સિંચન કરવા માટેનીપણ હાકલ કરી હતી. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવાં શ્રી સંજય ભાઈ જણસારી દ્વારાકરવામાં આવ્યું હતું.

# ફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી રહ્યું છે ઉત્તર ગુજરાત, વૈશ્વિક સ્તરે હાજરી મજબૂત બનાવવાનું લક્ષ્ય

**ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સ ઉત્પાદનમાં ઉત્તર ગુજરાતનો ફાળો ૧૨%**



કમલમ્,ગાંધીનગર

ભારતના ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના વિકાસમાં ગુજરાતનો નોંધનીય ફાળો છે. ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તે સરકારની વિવિધ પહેલો અને રોકાણની તકોને આભારી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સન ફાર્મા, ઝાયડસ કેડિલા, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ, એમનીલ ફાર્માસ્યુટિકલ્સ વગેરે ગ્લોબલ કંપનીઓઆવેલી છે. ગુજરાતના ફાર્માસ્યુટિકલ્સના ઉત્પાદનમાં ઉત્તર ગુજરાતનો ફાળો ૧૨% ગુજરાતના કુલ ફાર્માસ્યુટિકલ્સના ઉત્પાદનમાં ઉત્તર ગુજરાતનો ફાળો ૧૨% છે. મહેસાણામાં બલ્ક ડ્રગનું ઉત્પાદન, API, મધ્યસ્થી અને ફોર્મ્યુલેશનમાં નોંધપાત્ર તકો રહેલી છે. ટોરેન્ટફાર્મા જેવીજાણીતી કંપનીઓના કારણે આ તકોમાં વધારો થયો છે. કંપનીનો US FDA દ્વારા માન્ય પ્લાન્ટ ઈન્દ્રાદ (કડી, મહેસાણા) ખાતે આવેલો છે, જે ૩૦ મિલિયન વાયલ (શીશી) વાર્ષિક ક્ષમતા સાથે API અને ફોર્મ્યુલેશન બંનેનું ઉત્પાદન કરે છે. આ પ્લાન્ટમાં ગ્લોબલ ઈન્સ્યુલિન ઉત્પાદક નોવો નોર્ડિસ્ક માટે ખાસ સુવિધા પણ છે. ટોરેન્ટ ભારતમાં એકમાત્ર કંપની છે જે નોવો નોર્ડિસ્ક માટે કરાર હેઠળ ઈન્સ્યુલિનનું ઉત્પાદન કરે છે. પાટણમાં નાની અને મધ્યમ ફાર્મા કંપનીઓની મજબૂત હાજરી છે જે ઈન્જેક્ટેબલ અને ફોર્મ્યુલેશન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જિલ્લામાં મેડટેક ક્ષેત્રમાંપણ આશાસ્પદ વૃદ્ધિ જોવા મળીરહી છે, જેનું નેતૃત્વ વેસ્ક્યુલર ઈન્ટરવેન્શનલ ડિવાઈસ અને હૉસ્પિટલ ટ્રોલી, સ્ટ્રેચર વગેરે જેવા આવશ્યક તબીબી ઉપકરણો બનાવતી કંપનીઓ કરી રહી છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને સાબરકાંઠાજિલ્લામાં GMERS (ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી) મેડિકલ કોલેજો આવેલી છે.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (પાટણ), ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી (સિદ્ધપુર), એસ. કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ગણપત યુનિવર્સિટી (ખેરવા, મહેસાણા), બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (પાલનપુર), સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ અને આડેંક્ટા હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ (ખેડબ્રહ્મા) જેવી સંસ્થાઓ આવેલી છે. આ ઉપરાંત, સરકારી અને ખાનગીક્ષેત્રની હૉસ્પિટલોમાં વ્યાપક અને નિષ્ણાત તબીબી સેવાઓ ઉપલબ્ધ છે, જે ઉત્તર ગુજરાતના હેલ્થકેરક્ષેત્રને સુદ્રઢ બનાવે છે. આ પ્રદેશમાં હેલ્થ કેર સેન્ટરનું મજબૂત નેટવર્કપણ છે, જેમાં 318 PHC અને ૭૫ કોમ્યુનિટીહેલ્થ સેન્ટર્સ (CHC) નો સમાવેશ થાય છે. મજબૂત ઈકોસિસ્ટમ અને વ્યૂહાત્મક સ્થાન સાથે, આગામી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાટે મહત્વપૂર્ણ રહેશે. આ કાર્યક્રમને સરકાર, ઉદ્યોગ અને યુનિવર્સિટીઓ વચ્ચેના મજબૂત સહયોગનોપણ લાભ મળશે. તેઓ દેશના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના ભાવિને આકાર આપવા માટે તૈયાર છે.

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ડાંગ જિલ્લાની મુલાકાતે

**વઘઈના રાજેન્દ્રપુરમાં આદિવાસી મહિલાના ઘર પરિવાર સાથે ડાંગી ભોજનનો આસ્વાદ માણ્યો**



કમલમ્, આહવા

ડાંગ જિલ્લાની મુલાકાતે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તા.૩૧ ઓગસ્ટના રોજ ડાંગ જિલ્લાના વઘઈના રાજેન્દ્રપુર ખાતેઆદિવાસી મહિલા શ્રીમતી સાયજુબેન સોનુભાઈ ભોયેના પરિવાર સાથે સાંજે પ્રાકૃતિક ભોજનનોઆસ્વાદ માણ્યો હતો. રાજ્યપાલશ્રીએ ખૂબ જ સહજતા સાથે આ પરિવારના તમામ સભ્યોની વડિલ સહજ ભાવથી પૃચ્છા કરી તેમની પરિસ્થિતિ જાણી હતી. રાજ્યપાલશ્રીએ બંને બાળકોને જીવનમાં શિક્ષણ અને સંસ્કારનું મહત્વ અંગે જણાવી તેઓ ખૂબ આગળવધેતેવાઆશીર્વાદ પાઠવ્યા હતા. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ગાયના ગભાણની પણ મુલાકાત લીધી હતી. ભોજન દરમિયાન સાહજિક વાતચીતમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ જીવામૃત, ઘનજીવામૃત,આચ્છાદન, બીજામૃત અને વાફસા વિશે જાણકારી આપી હતી. ડાંગના રિતરિવાજ મુજબ રાજ્યપાલશ્રીએ ડાંગી ભોજનમા નાગલી અને ચોખાના રોટલા, અડદની દાળ, દાળ ભાત, વાંસનુ શાક, લાલ ચટણી, નાગલી પાપડ અને દેશી ડુંગળીનોઆસ્વાદ માણ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાજેન્દ્રપૂરના રહેવાસી શ્રીમતી સાયજુબેન સોનુભાઈ ભોયેના પરિવારમાં તેઓની એક દીકરી અને જમાઈ તેમજ તેઓના બે બાળકોછે.

શ્રીમતી સાયજુબેન સોનુભાઈભોયે ખેતીકરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યાં છે. જેમના ઘરે રાજ્યપાલશ્રીનું અચાનક આગમન અને આ પરિવાર સાથે લીધેલા સાદા ભોજન બદલ, પરિવારના સૌ સભ્યો ગદગદ બની ગયા હતા.

